Chap-5

Appendix-1



## પરિશિષ્ટ : ૧

અ) **ગઝલના પારિભાષિક શબ્દો :**

અદબ - સાહિત્ય
અદીબ - સાહિત્યકાર
અનાસિર - તત્ત્વ
અનાસિરે-શાયરી - કાવ્યતત્ત્વ
અફકાર - ચિંતન
અયૂબે-શેઅર - કાવ્યદોષ
અલામત - પ્રતીક, સંકેત
અહસાસ - સંવેદના
આઇન - નિયમ
આગાઝ - આરંભ
આહંગ - લય, સંગીત
ઇલ્મે-અરૂઝ - છંદશાસ્ત્ર
ઇકદાર - મૂલ્ય
ઇખ્તિસાર - સારાંશ
ઇજાદ - આવિષ્કાર
ઇઝહાર - અભિવ્યક્તિ
ઇર્તિકા - વિકાસ
ઇમા - સંકેત
ઇલ્મે-બદીઅ - અલંકારશાસ્ત્ર
ઇલ્મે-બયાન - શબ્દશક્તિ
ઇશ્કે-મજાઝી - માનવપ્રેમ
ઇશ્કે-હકીકી - માનવપ્રેમ
ઇસરાર - રહસ્ય
ઇસ્તિઆર - રૂપક
ઇસ્તિલાહ - પરિભાષા
ઇહામગોઇ - શ્લેષ
ઉનવાન - શીર્ષક
ઉરૂઝ-અરૂઝ - ઉત્થાન, છંદ
ઉલા મિસરા - શેરનું પ્રથમ ચરણ
ઉસ્લૂબ - શૈલી
એઅતિદાલ - સંતુલન
ઔસાફે-શેઅર - કાવ્યગુણ

અંજામ - અંત
અંદાઝ - શૈલી, પદ્ધતિ, હાવભાવ
અંદાઝે-બયાન - વર્ણનશૈલી
કદર - મૂલ્ય
કદીમ - પ્રાચીન
કિનાયઃ - વ્યંજના
કલામ - સાર્થક શબ્દસમૂહ
કાફિયા - પ્રાસ
ખદો-ખાલ - આકૃતિ
ખાકા - ચિત્ર
ખારિજી - બાહ્ય
ગઝલ - ફારસી કાવ્યનું સ્વરૂપવિશેષ, જેનો કોશગત અર્થ 'બે પ્રેમીજનો વચ્ચેની પ્રેમગોષ્ઠિ' થાય છે.
જઝબાત - ઊર્મિ
જમાલ - સૌંદર્ય
જમાલિયાતી પહલૂ - સૌંદર્યલક્ષી પાસું
જવાજ - ઔચિત્ય
જીદ્દત - નાવીન્ય
જોશે-તબઅ - ભાવોદ્રેક
જૌક - અભિરુચિ
ઝમીન - છંદ, પૃષ્ઠભૂમિ
તકમીલ - પૂર્તિ
તકતીઅ - ગણ પ્રમાણે પંક્તિનું વિભાજન કરવું.
તકલીદ - અનુકરણ
તખ્ઈલ - કલ્પના
તખ્લીક - નિર્માણ
તગઝ્ઝુલ - વર્ણનશૈલી, કોશગત અર્થ છે : શૃંગારનું વર્ણન કરવું.
તજનીસ - યમક
તજુર્બા - પ્રયોગ
તર્ઝ - પદ્ધતિ, શૈલી
તર્ઝે-અદા - અભિવ્યક્તિ
તન્કીદ - વિવેચન
તબઅ-આજમાઇ - રચનાકૌશલ
તમ્હીદ - ભૂમિકા
તમ્સીલ - બિંબચિત્રણ
તરતીબ - ક્રમ
તરન્નુમ - રાગ સાથે પઠન કરવું

તવાદ - બે વિરોધી શબ્દોનો પ્રયોગ
તશ્બીહ - ઉપમા
તસ્નીફ - સર્જન
તહત - કાવ્યનો લય સાથે પાઠ કરવો
દર્ડી - બોધ સંબંધી
દાખિલી - આંતરિક
દીવાન - ગઝલસંગ્રહ
નક્કાદ - વિવેચક
નાયાબ - અપ્રાપ્ય
નુદરત - નાવીન્ય
પૈકર - આકાર
પૈરાયા - આકૃતિ
ફન - કલા
ફસીહ - દોષરહિત અને સરળ
બઝમ - સભા
બદાય - અર્થાલંકાર
બલીગ - સ્થિતિનુસાર અને અલંકૃત હોવું
બહર - છંદ
બંદીશ - પદવિન્યાસ
મઆઇબ - દૂષણો
મકતા - ગઝલનો અંતિમ શેર જેમાં કવિ પોતાનું ઉપનામ યોજે છે, જ્યાં ગઝલ પૂર્ણ થાય છે.
મજાઝ - લક્ષણા
મઝાક - રુચિ
મત્લા - ગઝલનો આરંભિક શેર જેની બંને પંક્તિઓમાં પ્રાસાનુપ્રાસ જળવાય છે
મશ્ક - અભ્યાસ
મસાઇલ - સમસ્યા
મહાસિન - ખૂબીઓ
મહુર - વિષયવસ્તુ
મારિફત - અધ્યાત્મ
માહૌલ - વાતાવરણ
મુઆસિર - સમકાલીન
મુજાહરા - પ્રદર્શન
મુતાલા - અવલોકન
મુબહબ - અસ્પષ્ટ
મુબાહસા - વાદવિવાદ
મુરસ્સા ગઝલ - નખશિખ સુંદર ગઝલ

મુશાયરા - જ્ઞાની (કવિ)ઓની સભા, કવિસંમેલન
મુશાહદા - અવલોકન
મુહાકાત - બિંબસૃષ્ટિ
મેઆર - સ્તર, માપદંડ
મૌજૂ - વિષય
મોહૂમ - અસ્પષ્ટ
રદીફ - અનુપ્રાસ
રવાની - પ્રવાહ, ગતિ
રવાદારી - ઔદાર્ય
રિવાયત - પરંપરા
રૂકન - ગણ (બ. વ. અરકાન)
લઝ્ઝત - આસ્વાદ
લફ્ફાઝી - શબ્દાળુતા
લહઝા - લઢણ
વજન - છંદ
વજદાન - અંત:પ્રેરણા
વજાહત - સ્પષ્ટતાયુ વિસ્તાર, વિવરણ
વિઝદાન - કાવ્યરસજ્ઞતા
વુસઅત - વિશાળતા
શઉર - ચેતના, સમજ
શાયર > જ્ઞાની - કવિ
શાયરી > જ્ઞાનપૂર્ણ વાતો,- કવિતા
શેર - બે પંક્તિઓનું યુગ્મ, ભાવ કે વિચારનું સ્વતંત્ર એકમ
સનફ - સ્વરૂપ
સનાય - શબ્દાલંકાર
સરાપા - અનવદ્ય
સરાપા - નખશિખ
સાની મિસરા - શેરનું બીજું ચરણ
સુખન ફહમી - ભાવન શક્તિ
સુખન સંજી - સર્જનશક્તિ
હકીકત - અભિધા
હામિલ - વાહક
હુસ્ને-ગઝલ - ગઝલનું સૌંદર્ય
હુસ્ને-ખયાલ - વિચારનું સૌંદર્ય
હૈઅત - આકાર, રૂપ

બ) ગઝલમાં પ્રચલિત શબ્દો-પ્રતીકો

અઝાબ - નર્કયાતના
અફસાના - કથા
અબ્ર - વાદળ
અસીર - બંદી
આફતાબ - સૂર્ય
આબ - પાણી
આશિયાના - માળો
આહ - આર્તનાદ
ઇકરાર - સ્વીકૃતિ
ઇખ્તિયાર - અધિકાર
ઇલ્ઝામ - દોષ
ઇન્તેકામ - પ્રતિશોધ
ઇન્તેખાબ - ચયન
ઇન્તેઝાર - પ્રતીક્ષા-રાહ
અંજુમ - તારક
અંજુમન - સભા
કઝા - મૃત્યુ
કફસ - પિંજર
કયામત - પ્રલય
કલંદર - મસ્ત ફકીર
કાસિદ - દૂત
કાફિર - નાસ્તિક
કારવાં - કાફલો
કાશાના - ઘર
કૂચા - સાંકળી શેરી
કૈફ - નશો, મસ્તી
ખ્વાબ - સ્વપ્ન
ખાક - ધૂળ
ખાર - કંટક
ખિઝાં - પાનખર
ખુમાર - નશો, ઉન્માદ
ગમ - દુઃખ
ગિરેબાં - પહેરણ
ગુબાર - ધૂળની ડમરી

ગુલ - ફૂલ
ગુલશન - ઉપવન
ગુલઝાર અ ઉપવન
ચાક - વિદીર્ણ
ચારાગર - ઉપચારક
ચારાસાઝ - ઉપચારક
ચિલમન - આવરણ
ઝાહિદ - વિરક્ત
ઝુલ્ફ - કેશલટ
તગાફુલ - ઉપેક્ષા
તદબીર - પુરુષાર્થ
તન્હાઈ - એકાંત
તાબીર - સ્વપ્નફળ
તિશ્નગી - તૃષા
દામન - પાલવ
દોઝખ - નર્ક
દીવાના - પાગલ, વિશિષ્ટ ધ્યેયને વરેલો
નશેમન - માળો
નાખુદા - નાવિક
નામાબર - સંદેશાવાહક
નાસેહ - ઉપદેશક
પયમાના - પ્યાલો
ફલક - આકાશ
ફસાના - વાર્તા
ફિઝાં - વાતાવરણ
ફિરાક - વિયોગ
બર્ક - વીજળી
બહાર - વસંતઋતુ
બાગબાન - માળી
ભંવર - વમળ
મયકદા - સુરાલય
મયખાના - સુરાલય
મયકશ - મદ્યપ
મઝધાર - મધ્ય
માહતાબ - ચંદ્ર
મય - મદીરા

મીના - સુરાહી, કૂજો
રહઝન - ડાકૂ, લૂટારો
રહગુઝર - માર્ગ
રાહબર - માર્ગદર્શક
રિન્દ - મદ્યપ
વહિ - દેવવાણી
શબનમ - ઝાકળ
શબાબ - યૌવન
શેખ - મુખ્ય ધર્મગુરુ
સાકી - સુરા પાનાર
સાગર - શરાબનો પ્યાલો
સૈયાદ - શિકારી

ક) નોંધપાત્ર પુરાકલ્પનો

અનલહક - મન્સૂર એક મહાન સૂફીસંત હતા, તેઓ 'અનલહક-અહમ્ બ્રહ્માસ્મિ' શબ્દોનું રટણ કરતા હતા. ઇસ્લામ ધર્મમાં પોતાને બ્રહ્મ કહેવાનો નિષેધ હોવાથી રુઢિચુસ્ત ધર્મગુરુઓએ તેમને ફાંસીએ ચઢાવી દીધા.

આદમ - આદિમાનવ, જેમનું ફળ ન ચાખવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી સ્વર્ગમાંથી નિષ્કાસન થયું.

આબે-હયાત- (આબ-પાણી, હયાત-અસ્તિત્વ) અમૃત

કયામત - પ્રલયનો દિવસ, જયારે મનુષ્યના કર્મોનો હિસાબ થશે.

કાતિબે-અમલ- કર્મોનો હિસાબ લખનાર

કારૂન - પયગંબર મૂસાના કાકાના દીકરા. જેઓ અતિ ધનાઢય હોવા છતાં કંજૂસ હતા. હઝરત મૂસા સામે વિદ્રોહ કરવા અને પોતાની સંપત્તિનો ઘમંડ કરવાના કારણે તેમને સજા મળી.

કોહકાફ - પર્વતોનો સમૂહ છે. તે કયાંક હિંદુકુશ પર્વત પાસે હોવાની કલ્પના છે. ત્યાં પ્રેત અને રાક્ષસોનું નિવાસસ્થાન હોવાનું મનાય છે.

ખિજ્ર - ઇસ્લામી શ્રદ્ધા અનુસાર અમર અને અદૃશ્ય રહેતા એક બુઝુર્ગ, જે પંથભૂલ્યાને કોઇપણ વેશે સામા આવીને માર્ગ બતાવે છે.

જામે-જમશેદ- ઇરાનના રાજા જમશેદ પાસે એક એવો પ્યાલો હતો, જેના સાત ચક્રો દ્વારા સાત આકાશ, સાત નક્ષત્ર અને સાત સમુદ્રની સ્થિતિ જાણી શકાતી હતી.

તૂર - પયગંબર મૂસા આ પર્વત ઉપર ખુદા સાથે અદૃશ્યરૂપે વાતચીત કરતા હતા. એકવાર ખુદાના પ્રત્યક્ષ દર્શન કરવાની એમણે હઠ કરી, પરિણામે કોહેતૂર પર એક દિવ્યજયોતિ પ્રગટ થઇ. મૂસા મૂર્છિત થઇ ગયા અને તૂર બળીને ભસ્મ થઇ ગયો. [ભસ્મ

નમરૂદ - નાસ્તિક બાદશાહ હતો. તેણે પયગંબર ઇબ્રાહીમને રંજાડયા હતા. એકવાર અગ્નિમાં હોમી દીધા હતા, પરંતુ દૈવયોગે બચી ગયા હતા. તેણે હઝરત ઇબ્રાહીમ ઉપર આક્રમણ કર્યું ત્યારે તેની સેનામાં એવી અવ્યવસ્થા વ્યાપી ગઇ કે એકબીજાની ભાષા ન સમજી શકવાથી સૈનિકો આપસમાં લડી મર્યા. એક મચ્છર નમરૂદના નાકમાં ઘૂસી ગયો જેથી તેને અસહય પીડા ભોગવવી પડી અને અંતે મૃત્યુ પામ્યો.

નરગિસ - ઇરાનનું એક સુંદર સુગંધીદાર પુષ્પ, જેની ઉપમા પ્રિયતમાની આંખને અપાય છે.

ફર્દે-અમલ   મનુષ્યના સારા-નરસાં કર્મોનો હિસાબ જેમાં લખાય છે તે ચોપડો.

ફરહાદ અને શીરીં - ફરહાદ ઈરાનનો મહાન પ્રેમી હતો. તે શહેઝાદી શીરીંને ચાહતો હતો. શીરીંએ પહાડમાંથી નહેર ખોદવા જેવી તેની કઠિન પરીક્ષા લીધી. છતાં પોતાનું વચન પાળ્યું નહીં તેથી ફરહાદે આત્મહત્યા કરી. પોતાના સાચા આશકના મૃત્યના સમાચાર સાંભળીને શીરીંએ પણ પશ્ચાતાપરૂપે પોતાના પ્રાણ ત્યાગ્યા.

ફિરઓન —   પયગંબર મૂસાના સમયમાં મિસરનો બાદશાહ હતો. તે રાતાસમુદ્રમાં ડૂબીને મરી ગયો.

મસીહા —   મૃતને જીવંત કરનાર હઝરત ઈસા (ઈશુ ખ્રિસ્ત) મૃતદેહમાં પ્રાણ પુરતા હતા એવી કિવદન્તી છે. (તેમના માથા પર દેવદૂતોએ તેલની માલિશ-મસીહ કરી હતી તેથી તેઓ મસીહા કહેવાયા)

યઝીદ —   ઈસ્લામી ઈતિહાસમાં એક અત્યાચારી નેતા.

યુસુફ —   તેમનામાં સંસારનું ત્રણ ચતુર્થાંશ સૌંદર્ય હતું. એક વાર પોતાના પિતા અને ભાઈઓ સાથે મિસર જઈ રહયાં હતા ત્યારે ઈર્ષાળુ ભાઈઓએ તેમને કૂવામાં ધકેલી દીધા, પરંતુ સંયોગવશ બચી ગયા. મિસરની શહેઝાદી ઝુલેખા તેમની ઉપર આસકિત થઈ ગઈ. યુસુફે ઝુલેખાની પ્રણયયાચનાનો અસ્વીકાર કરતા તેમને જેલમાં પૂરી દીધા. પ્રત્યેક કસોટીમાં નિર્દોષ પુરવાર થતા તેમને અંતે મુકત કરી દીધા.

લયલા-મજનૂ - ફારસી કવિ જામી લિખિત પ્રણયવાર્તાના મુખ્ય પાત્રો, જેઓ પોતાના પ્રેમ માટે વિશ્વસાહિત્યમાં અમર છે.

સર્વ —   ઈરાનનું એક ઊંચુ અને સીધું સુંદર વૃક્ષ, જેની ઉપમા પ્રિયતમાના કદને અપાય છે.

સુંબુલ —   ઈરાનમાં થતું પાતળું, લાંબુ સુગંધીદાર ઘાસ, જેની ઉપમા પ્રિયતમાના કેશને અપાય છે.